**આંક–૮**

મહે.લેબર કોર્ટ અમદાવાદના એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (સી.ડી.) સાહેબ સમક્ષ , જિ.અમદાવાદ.

**સી.સી.નં.૧૩૭૨/૨૦૧૯**

ફરીયાદી– સરકારી શ્રમ અધિકારી / નિરીક્ષકશ્રી

વિરુદ્ધ

આરોપી – (૧) શ્રી નવિનચંદ્ર જૈન (કબજેદાર)
કટારીયા ઓટો મોબાઈલ્સ લીમીટેડ
એપરલ પાર્ક જી.આઈ.ડી.સી.ની સામે અનુપમ સિનેમા રોડ
ખોખરા,અમદાવાદ.

**ગુન્હો– કારખાના અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૯૪**

## <u>ચુકાદો</u>

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકી હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરીયાદીએ આરોપી સામે **કારખાના અધિનિયમ ૧૯૪૮ અન્વયેના નિયમ ૧૧૦(૧), ૧૧૦(એ) અને ૯૫(૧) ની** જોગવાઈના કુલ ૧૩ ભંગ કરેલ હોવાનું જણાવીને **કારખાના ધારાની કલમ ૯૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ.તેમજ સદરહું ફરીયાદમાં પેરા ૩ માં એમ જણાવેલ છે કે સદર આરોપી ઉપરોક્ત જણાવ્યા મુજબના ગુના માટે તા.૦૯/૦૩/૨૦૧૯ ના રોજ ગુનેગાર સાબિત થયેલ છે. ફરીયાદીની સદરહું ફરીયાદ અન્વયે અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦ (૧)(એ) મુજબ રજુ થયેલ હોઈ જેથી સદરહુ કાયદાની કલમ ૨૦૦(એ) વંચાણે લેતાં કલમ ૨૦૪ માં જણાવ્યા મુજબ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીની સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) ત્યારબાદ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી ઓથોરીટી અન્વયે હાજર થયેલ જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૧ મુજબ તેઓને ગુનાની વિગતો જણાવવામાં આવેલ તેમજ ફરીયાદની નકલ આપવામાં આવેલ તેઓને ગુનો કબુલ છે કે કેમ ? તેવું પુછવામાં આવતાં તેઓએ આરોપી વતી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ અન્વયે રજુ કરેલ છે. તેઓએ જાતે તથા આરોપી નં.૧ વતી ગુનાની પુરસીસ રજુ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેમ છતાં તેઓએ જાતે અને આરોપી વતી ગુનો હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) તેઓએ હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુનામાં સંડોવાયેલ નથી.ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરશે નહી તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબક્કે **નામદાર મદ્રાશ હાઈકોર્ટ સમક્ષના એન.રામૈયા વિ.સ્ટેટ** નો ચુકાદો જોવામાં આવે તે તેમાં આરોપી વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોઈ તેઓ ગુનાની કબુલાત કરી શકે

તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપીઓ સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **કારખાના અધિનિયમ ૧૯૪૮ અન્વયેના ગુજરાત ફેકટરી રૂલ્સ ૧૯૬૩ ના નિયમ ૧૧૦(૧), ૧૧૦(એ) અને ૯૫(૧)** નો ભંગ કરીને સદરહું કાયદાની **કલમ ૯૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે ગુના સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનત્તમ જોગવાઈ છે તે ધ્યાને લેતાં આરોપીને દંડ સંદર્ભે ઓછામાં ઓછી રૂ.૧૦,૦૦૦/– અને વધુમાં વધુ રૂ.૨,૦૦,૦૦૦/– નો હુકમ કરી શકાય તેમ છે તેમજ સદરહું જોગવાઈના પ્રથમ પ્રોવાઈસો જોવામાં આવે તો કોર્ટ પુરતાં અને ખાસ કારણો જજમેન્ટમાં નોંધી રૂ.૧૦,૦૦૦/– કરતાં ઓછી દંડની સજા કરી શકે તેમ છે વધુમાં ફરીયાદની હકકીત જોતાં આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે જોતાં તેનાથી કોઈ વ્યકિત કે કામદારનું મૃત્યુ થયેલ હોઈ અથવા ગંભીર શારીરીક ઈજા પહોચેલ હોઈ તેઓ ફરીયાદપક્ષનો કેસ નથી તે સંજોગોમાં આરોપી સામેનો હાલનો ગુનો ધ્યાને લેતાં અને આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા તેઓની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્ધારા સ્ટેટ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર , ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિતને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ મુજબ **કારખાના અધિનિયમ ૧૯૪૮ અન્વયેના ગુજરાત ફેકટરી રૂલ્સ ૧૯૬૩ ના નિયમ ૧૧૦(૧), ૧૧૦(એ) અને ૯૫(૧)** ના ભંગ બદલ સદરહું કાયદાની **કલમ ૯૪** હેઠળ કસુરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને સદરહુ કલમ અન્વયે પ્રત્યેક ભંગ બદલ **રૂ.૨,૦૦૦/– (અંકે રૂ.બે હજાર પુરા )** તેમ કુલ–૧૩ ભંગ સંદર્ભે કુલ મળીને રૂ.૨૬,૦૦૦/– (અંકે રૂ.છવ્વીસ હજાર પુરા ) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી અન્વયે હાજર રહેનાર વ્યકિત **શ્રી હંસરાજ એ.સોલંકી** ને ઉપરોક્ત દંડ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી હંસરાજ એ.સોલંકી** ઉપરોક્ત દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ જાતે એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓ વતી ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૧/૦૯/૨૦૨૧ ના રોજ વાંચી સંભળાવી સહી કરી સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ– ૧૧/૦૯/૨૦૨૧
સ્થળ–અમદાવાદ

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
CODE : GJ00837
એડીશનલ ચીફ જયુડીશીલ મેજીસ્ટ્રેટ
ન્યાયાધીશ (સીનીયર ડીવીઝન)
લેબર કોર્ટ,અમદાવાદ